**વિશ્વ ઇમરજન્સી દિવસે ૧૨૫ શિક્ષકોને CPR અને પ્રાથમિક સારવારની તાલીમ**

# વડોદરા જિલ્લાના ૮ તાલુકાના શિક્ષકો બન્યા 'લાઈફ સેવર'

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા જિલ્લા ખાતે આજરોજ વિશ્વ ઈમરજન્સી દિવસ નિમિત્તે ધીરજ હોસ્પિટલ તથા સુમનદીપ વિદ્યાપીઠ દ્વારા સમાજમાં ઈમરજન્સી પ્રતિભાવ ક્ષમતા વિકસાવવાના હેતુસર બેઝિક લાઈફ સપોર્ટ તેમજ સીપીઆર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઠ તાલુકાના ૧૨૫ શિક્ષકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. આજના સમયમાં અચાનક હાર્ટ એટેક- બેભાન થવાની પરિસ્થિતિ- શ્વાસ રૂંધાવું અકસ્માતો તથા અન્ય ઈમરજન્સી પરિસ્થિતિમાં શરૂઆતની કેટલીક મિનીટો ખુબ જ અગત્યની હોય છે આવી પરિસ્થિતિમાં આસપાસના સામાન્ય લોકો કર્મચારીઓ અથવા સ્ટાફ જોબ બેઝિક લાઈફ સપોર્ટ અને સીપીઆર તાલીમ અંગેનું પ્રાથમિક જ્ઞાન હોય તો દર્દીનું



જીવન બચાવવાની શક્યતાઓમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ તાલીમ સંપૂર્ણપણે પ્રાયોગિક રીતે ડો. વૃંદાબેન અને તેઓની ટીમ દ્વારા અનુભવી ડોક્ટર તથા ટ્રેન્ડ ઈન્સ્ટ્રક્ટર દ્વારા આપવામાં આવી હતી. તાલીમના કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. વધુમાં પ્રાથમિક શાળાઓમાં પ્રાથમિક સારવાર ઉપચાર માટેની એક કીટ પણ આપવામાં આવી હતી. જિલ્લા શિક્ષણ અધિકારી વડોદરા શ્રી મહેશ પાંડે દ્વારા વિશેષ રૂપે શુભેચ્છા પાઠવવામાં આવી હતી. આ સાથે સંસ્થા દ્વારા કાર્ય પ્રવાહને ધ્યાનમાં રાખીને તાલીમમાં આવેલા તાલીમાર્થીઓને આભાકાર્ડ માટે રજીસ્ટ્રેશન કરીને કાર્ડ પણ સ્થળ ઉપર કાઢી આપવામાં આવ્યો હતો. તાલીમ વર્ગમાં ડી ઈ ઓ કચેરી વડોદરાના એઈઆઈ શ્રી ભરતભાઈ ઉપસ્થિત રહી આ તાલીમ વર્ગમાં જરૂરી માર્ગદર્શન આવ્યું હતું.

# બ્રહ્માકુમારીઝ દ્વારા પર્યાવરણ-આપત્તિ જાગૃતિ અભિયાન

**VMCના** ૧૦૦ શિક્ષકો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વિશ્વમાં વધી રહેલી અશાંતિ, કુદરતી અસંતુલન, ઊર્જા સંકટ અને કુદરતી આફતો જેવી પડકારજનક પરિસ્થિતિઓને ધ્યાનમાં લેતા વર્તમાન સમયમાં પર્યાવરણ બાબતે વધારે પ્રાધાન્ય આપવું જરૂરી બન્યું છે. બ્રહ્માકુમારીઝ ઈન્ટરનેશનલ હેડક્વાર્ટર દ્વારા પર્યાવરણીય સંરક્ષણ અને આપત્તિ વ્યવસ્થાપન વિષયક રાષ્ટ્રીય જાગૃતિ અભિયાન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના એન્જિનિયર અને વૈજ્ઞાનિક વિભાગના આશરે આઠ સભ્યોની ટીમ દ્વારા હાથ ધરાયેલ આ યાત્રા ૨૪ મેના રોજ શાંતિવન, આબુ રોડથી પ્રસ્થાન કરી હિંમતનગર અને અમદાવાદ થઈ વડોદરા પહોંચી હતી.



અને વૈજ્ઞાનિક વિભાગના અધ્યક્ષ રાજયોગી ભાઈ મોહન સિંઘલના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહી છે. વડોદરાના અટલાદરા સેવા કેન્દ્ર ખાતે ટીમના આગમન પર ડિરેક્ટર બી.કે. ડૉ. અરુણા દીદી અને સહ-નિર્દેશક બી.કે. પૂનમ દીદી ના નેતૃત્વમાં માતાઓ અને બાળકો દ્વારા દીપ પ્રાગટ્ય સાથે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બી.કે. પ્રોફેસર ઓમકારજીએ કહ્યું કે આજે, આપણા અને આપણા પરિવારો માટે ભવિષ્યની અસલામતીથી ડરીને, આપણે વધુને વધુ વસ્તુઓ એકઠી કરી રહ્યા છીએ, સંસાધનોનો વધુ પડતો ઉપયોગ કરી રહ્યા છીએ, કુદરતી સંતુલનને ખલેલ પહોંચાડી

**પંજાબમાં ખેતીકામ કરતા વ્યક્તિને પણ ધમકીઓ આપી**

# ખંડણીનો ખોફ: વડોદરાના ટ્રાન્સપોર્ટર પાસે વિદેશથી ૫૦ લાખની માંગણી

"**રૂપિયા** નહીં આપો તો દીકરાઓને મારી નાખીશ": વડોદરાના ટ્રાન્સપોર્ટર પરિવારને પંજાબી ગેંગની ધમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના સમા કેનાલ રોડ વિસ્તારમાં રહેતા ટ્રાન્સપોર્ટર હરજન્તસીંગ અવતારસીંગ હુંદલે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગંભીર ધમકી અને ખંડણીની ફરિયાદ નોંધાવી છે. વિદેશી મોબાઈલ નંબરોથી પરિવારના સભ્યોને વારંવાર વોટ્સએપ કોલ અને વોઈસ મેસેજ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપવામાં આવતી હોવાના આક્ષેપ સાથે સમગ્ર પરિવાર ભયના માહોલમાં જીવી રહ્યો છે.

વડોદરા શહેરમાં સમા કેના રોડ પર આવેલી ઘનશ્યામ પાર્ક સોસાયટીમાં રહેતા હરજન્તસીંગ હુંદલે નોધાવેલી ફરિયાદ મુજબ તેઓ પરિવાર સાથે રહે છે અને છાણી ગુરુદ્વારા સામે ટ્રાન્સપોર્ટ ઓફિસ ચલાવે છે. ગત તા. 05 માર્ચના રોજ તેમના મોબાઈલ પર +49 સિરીઝના અજાણ્યા નંબર પરથી પ્રથમ "Hi" મેસેજ આવ્યો હતો. ત્યારબાદ આવેલા વોઈસ કોલમાં સામેવાળા વ્યક્તિએ "મુજે સેવા ચાહી" કહી ધમકીભર્યા અંદાજમાં વાત કરી હતી. હરજન્તસીંગે અજાણ્યા વ્યક્તિને ઓળખતા ન હોવાનું કહેતા તેને "સેવા લેના જાનતા હૂં" કહી ધમકી આપી હતી. ત્યારબાદ પંજાબી ભાષામાં વોઈસ મેસેજ મોકલી તેમના દીકરા, ભાઈ-બહેન સહિત પરિવારજનોને જ્યાં મળશે ત્યાં મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. સાથે જ તેમની વ્યક્તિગત વિગતો અને સરનામા પણ મોકલવામાં આવ્યા હતા. સતત આવતા કોલથી કંટાળી વૃદ્ધે નંબર બ્લોક કરી દીધો હતો.

પરંતુ બાદમાં એ જ વ્યક્તિએ ફરિયાદીના દીકરા ધલેરસિંગ અને સમસેરસિંગના મોબાઈલ નંબર પર પણ સંપર્ક શરૂ કર્યો હતો. બંનેને વોઈસ મેસેજ દ્વારા ધમકીઓ આપવામાં આવી હતી. "મારું નામ ગુરજન્મ જવન્ડા છે, હું તમારા પપ્પાને ઓળખું છું" કહી આરોપીએ ટ્રાન્સપોર્ટ ઓફિસનું સ્થાન જાણતા હોવાનો દાવો કર્યો હતો. આ મામલો અહીં અટક્યો નહોતો. ગત 21 માર્ચના રોજ તેમની પત્ની લખવિન્દર કૌરને ફોન કરી આરોપીએ સીધી 50 લાખ રૂપિયાની માંગણી કરી હતી.

**નિર્માણધીન મકાનમાં ટાંકી સાફ કરતી વખતે મોટર પાણીમાં પડતાં વીજ કરંટ લાગ્યો**

# વડોદરા નજીક અનગઢમાં કરૂણાંતિકા: પાણીની મોટરમાંથી કરંટ લાગતાં યુવકનું મોત

**યુવાન** પુત્રના મોતે ગોહિલ પરિવારમાં ભારે આક્રંદ મચાવ્યું, નંદેસરી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં આવેલા અનગઢ ગામમાં એક અત્યંત હૃદયદ્રાવક અને કાળજું કંપાવી મૂકે તેવી ઘટના સામે આવી છે. પોતાના સપનાના નવા બની રહેલા મકાનમાં પાણીની ટાંકી સાફ કરવાની એક નાનકડી લાપરવાહી યુવક માટે કાળ સાબિત થઈ છે. ચાલુ પાણીની મોટર અચાનક ટાંકીમાં પડી જતાં, તેને બહાર કાઢવા ગયેલા 34 વર્ષીય આશાસ્પદ યુવકનું વીજ કરંટ લાગવાના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ અકસ્માતને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

મળતી વિગતો અનુસાર, વડોદરા નજીક આવેલા અનગઢ ગામના રામગઢ પરા વિસ્તારમાં રહેતા 34 વર્ષીય કમલેશકુમાર ગોહિલ પોતાના પરિવાર માટે એક નવું મકાન બનાવી રહ્યા હતા. મકાનનું બાંધકામ ચાલુ હોવાથી તેઓ ગત રોજ પોતાના આ નિર્માણધીન મકાનમાં પાણીની ટાંકી સાફ કરવા માટે ગયા હતા. ટાંકી સાફ કરવા અને પાણી ખાલી કરવા માટે તેમણે ઈલેક્ટ્રિક મોટર ચાલુ કરી હતી.

ટાંકી સાફ કરવાની પ્રક્રિયા ચાલી રહી હતી તે દરમિયાન જ, વાઈબ્રેશન અથવા



પાણીમાં હાથ નાખ્યો, કે તરત જ તેમના શરીરમાં વીજળીનો જોરદાર આંચકો (કરંટ) લાગ્યો હતો. વીજ પ્રવાહ એટલો તીવ્ર હતો કે કમલેશકુમારને સંભાળવાની કે બૂમ પાડવાની પણ તક ન મળી અને તેઓ ત્યાં જ ઢળી પડ્યા હતા. ગંભીર કરંટના કારણે તેમનું ઘટનાસ્થળે જ સ્પોટ પર મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ આસપાસના લોકો અને પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. યુવકની આવી સ્થિતિ જોઈને પરિવારમાં ભારે આક્રંદ અને કરુણ દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર અનગઢ ગામમાં આ કાળમુખી ઘટનાને પગલે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટના અંગે નંદેસરી પોલીસ મથકને જાણ કરવામાં આવતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે કમલેશકુમારના મૃતદેહને કબજે કરી, પોસ્ટમોર્ટમ અર્થે વડોદરાની ગોત્રી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. હાલમાં નંદેસરી પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ હાથ ધરી છે.

## પત્નીને બાળક સાથે ઘરેથી કાઢી મૂકવાની ધમકી, અભયમ ટીમે કરાવ્યું સમાધાન

વડોદરા : વડોદરા શહેરમાં એક મહિલાને તેના પતિ દ્વારા બે વર્ષના બાળક સાથે ઘરેથી કાઢી મૂકવાની ધમકી આપવામાં આવતા મહિલાએ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલી અભયમ ટીમે બંને પક્ષનું કાઉન્સેલિંગ કરી પતિને ઘરેલું હિંસા અધિનિયમ હેઠળ મહિલાના હક્ક અને અધિકારો અંગે સમજ આપતા આખરે બંને વચ્ચે સમાધાન થયું હતું.

વડોદરા શહેરના વિસ્તારમાંથી અભયમ ટીમને એક પીડિત મહિલાનો કોલ મળ્યો હતો. મહિલાએ જણાવ્યું હતું કે તેનો પતિ તેને બે વર્ષના બાળક સાથે ઘરેથી કાઢી મૂકવાની ધમકી આપી રહ્યો છે. માહિતી મળતા અભયમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને બંને પક્ષનું કાઉન્સેલિંગ હાથ ધર્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે મહિલાના લગ્ન સામાજિક રીતરિવાજ મુજબ થયા હતા અને લગ્નજીવનને ત્રણ વર્ષ પૂર્ણ થયા છે.

**ધુમાડાના ગોટેગોટાથી ખિસકોલી સર્કલ પર ટ્રાફિક જામ**

# અટલાદરા ખિસકોલી સર્કલ પાસે નિર્માણધીન હોસ્પિટલની સાઈટ પર આગ

**ફાયર** બ્રિગેડે સત્વરે આગ પર કાબુ મેળવ્યો, મોટું નુકસાન ટળ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

અટલાદરા વિસ્તારમાં ખિસકોલી સર્કલ પાસે આગની ભીષણ ઘટના બની હતી. નવીન બંધાઈ રહેલી હોસ્પિટલની સાઈટ પર રાખેલા પ્લાસ્ટિક મટીરીયલમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી.

તીવ્ર પવનની ગતિ વચ્ચે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગના ધુમાડાના ગોટે ગોટા દૂર દૂર સુધી ફેલાતા આખા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. આગને પગલે ખિસકોલી સર્કલ



પાસે વાહન વ્યવહાર અને ટ્રાફિક જામ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગના લાશ્કરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર જવાનોએ પાણીનો મારો ચલાવીને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. હોસ્પિટલની બાજુમાં આવેલા મારુતિના વર્કશોપમાં રાખેલી ગાડીઓ પર પણ આગનો ખતરો તોળાયો હતો. જોકે, વર્કશોપના મેનેજર દિપક શર્માએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક 15થી વધુ ગાડીઓને સુરક્ષિત રીતે બહાર કઢાવી લીધી હતી. શોરૂમના કર્મચારીઓએ પણ સતર્કતા દાખવીને કામગીરી કરતા મોટું આર્થિક નુકસાન થતા અટકી ગયું હતું. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે.

# ઉમલ્લા-રાજપારડીમાં છ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, બે રીઢા આરોપીઓ ઝડપાયા

(પ્રતિનિધિ) ભરૂચ, તા.29

ભરૂચ LCBએ ઉમલ્લા અને રાજપારડી વિસ્તારમાં તાજેતરમાં થયેલી બે મોટી ઘરફોડ ચોરી સહિત કુલ છ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી બે રીઢા આરોપીઓને ઝડપી લીધા છે. આરોપીઓ પાસેથી રોકડા રૂ. 22,220 અને બે મોબાઈલ મળી કુલ રૂ. 25,720નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

ગત તા.14 અને 15 મેની રાત્રે ઉમલ્લા પોલીસ સ્ટેશન વિસ્તારના ફીચવાડા ગામે અજાણ્યા આરોપીઓએ બારીમાંથી ઘરમાં પ્રવેશી રૂ.25 લાખના દાગીના અને રોકડની ચોરી કરી હતી. ત્યારબાદ એ જ વિસ્તારના અછાલીયા ગામે પણ ઘરફોડ થતાં LCBની ટીમે ગંભીરતા દાખવી ટેક્નિકલ સર્વેલન્સ, સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સના આધારે તપાસ હાથ ધરી. તપાસમાં ખબર પડી કે મૂળ સૌરાષ્ટ્રના અને હાલ આંબાની વાડીમાં સીઝનલ કામ કરતા દિનેશ મનજીભાઈ પટેલીયા (ઉ.વ.36) રહે-ભુભલી ગામ રામદેવપીર નાગર,મંદિર પાછળ,ઘોઘા પોલીસ સ્ટેશન,તા.જી-ભાવનગર તથા ખાટાભાઈ બાલાભાઈ વાઘેલા (ઉ.વ.60) રહે-દઢાલ ગામ,તા-અંકલેશ્વર,જી-ભરૂચ,મૂળ રહે-ખાંટસુરા,તા-મહુવા,જી-ભાવનાર ઉમલ્લા વિસ્તારની બંને ઘરફોડમાં સંડોવાયેલા છે. LCBની ટીમે અંકલેશ્વર બકરા બજારમાંથી બંનેને ઝડપી લીધા હતા.

પૂછપરછમાં બંનેએ કબૂલાત કરી હતી કે તેઓ મેંગો સીઝનમાં દક્ષિણ ગુજરાતની વાડીઓમાં કામ કરતા હોવાથી તેમની જાદવ સોડાભાઈ પરમા રહે-ખોલવડ ગામ,R.K કોલોની,તા-કામરેજ,જીસુરત અને ગોવિંદ મુળજીભાઈ મકવાણા રહે-કોસાડ આવાસ,સાયણ રોડ,અમરોલી,સુરત મૂળ રહે-ખાંભા ગામ હનુમાન દાદાની દેરી પાસે તા-શિહોર જી- ભાવનગર સાથે ઓળખાણ થઈ.

**નીચાણવાળા વિસ્તારોમાં સફાઈ અભિયાન તેજ**

# શહેરને પૂરથી બચાવવા પ્રયાસો તેજ મેયર અને કમિશનરે સંભાળ્યો મોરચો

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરા શહેરમાં આગામી ચોમાસાની ઋતુ દરમિયાન સ્થાનિક રહીશોને જળબંબાકાર અને પૂરની ગંભીર સમસ્યાઓનો સામનો ન કરવો તેની કવાયતના ભાગરૂપે વડોદરાના મેયર અને મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ હોદ્દેદારોએ શહેરના વિવિધ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લઈને ગ્રાઉન્ડ ઝીરો પર ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

શહેરમાં ચોમાસા દરમિયાન પાણીના નિકાલની વ્યવસ્થા સુદ્રઢ બનાવવા માટે હાથ ધરવામાં આવેલા આ સરપ્રાઈઝ ઈન્સ્પેક્શન અંતર્ગત મેયર, મ્યુનિસિપલ કમિશનર, સ્થાયી સમિતિના અધ્યક્ષ તેમજ અન્ય



પદાધિકારીઓનો કાફલો વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં પહોંચ્યો હતો. આ નિરીક્ષણ દરમિયાન ખાસ કરીને શહેરના મુખ્ય કાંસા, ગટર લાઈનો અને વરસાદી પાણીના નિકાલ માટેના કુદરતી તેમજ કૃત્રિમ વહેણોની સફાઈ પ્રક્રિયાની તપાસ કરવામાં આવી હતી. અધિકારીઓએ સ્થળ પર હાજર રહીને કાંપ કાઢવાની તેમજ સફાઈની કામગીરીની ગુણવત્તા ચકાસી હતી અને બાકી રહેલા કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે સંબંધિત વિભાગના કર્મચારીઓને કડક સૂચનાઓ આપી હતી.

છેલ્લા કેટલાક વર્ષોના અનુભવોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ વખતે પૂર નિયંત્રણ માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. નિરીક્ષણ દરમિયાન મેયરે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં જે વિસ્તારોમાં પાણી ભરાવાની ગંભીર સમસ્યાઓ સર્જાઈ હતી, તેવા નીચાણવાળા વિસ્તારો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વડોદરાવાસીઓને ચોમાસામાં મુશ્કેલી ન પડે અને શહેરમાં ક્યાંય પણ પાણી ભરાઈ ન રહે તે માટે પ્રિમોન્સૂન કામગીરી ખૂબ જ સઘન રીતે ચલાવવામાં આવી રહી છે.

**6 જૂન સુધીમાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે હાજર રહેવું**

# ફેકલ્ટી ઓફ આર્ટ્સમાં B.A. પ્રવેશ ૨૦૨૬-૨૭ માટે પ્રક્રિયા શરૂ

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ આર્ટ્સ દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે બેચલર ઓફ આર્ટ્સ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે 07 મે 2026થી 28 મે 2026 સુધી જીકાસ પોર્ટલ પર ક્વિક રજિસ્ટ્રેશન, ફી ભરવી, વિષય પસંદગી અને દસ્તાવેજો અપલોડની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. 29 મેથી 01 જૂન સુધી પ્રાપ્ત અરજીઓની પ્રક્રિયા પૂર્ણ કરી મેરિટ લિસ્ટ તૈયાર કરવામાં આવશે. મેરિટ લિસ્ટ જીકાસના નિયમો અને યુનિવર્સિટીના સિદ્ધાંતો મુજબ તૈયાર થશે. 2 જૂન 2026થી 06 જૂન દરમિયાન વિદ્યાર્થીઓએ જીકાસ પોર્ટલ પર લોગ ઈન કરી પ્રવેશ ઓફર ચકાસી સમયમર્યાદામાં કન્ફર્મ કરવાની રહેશે. ઉચ્ચ પ્રાથમિકતાવાળી કોલેજ માટે ઓનલાઈન કન્સેન્ટ આપી શકાશે. 2 જૂનથી 6 જૂન દરમિયાન ઓફર લેટર, મૂળ પ્રમાણપત્રો અને સ્વપ્રમાણિત નકલોનો સેટ સાથે ફેકલ્ટી ઓફ આર્ટ્સ ખાતે હાજર રહેવાનું રહેશે. દસ્તાવેજ ચકાસણી બાદ ફી ભરી ઓટીપી દ્વારા પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. 2 જૂનથી 06 જૂન દરમિયાન મેજર વિષય સિવાયના અન્ય વિષયોની પસંદગી કરવાની રહેશે. વિષયોની ઉપલબ્ધતા અને શૈક્ષણિક માળખાને ધ્યાનમાં રાખી પસંદગી કરવી. 2 જૂનથી 6 જૂન 2026 સુધી સવારે 10:00 થી સાંજે 4:00 વાગ્યા સુધી ફેકલ્ટી ઓફ આર્ટ્સ વડોદરા ખાતે હાજર રહેવું. વિદ્યાર્થીઓએ મૂળ દસ્તાવેજો, ઓફર લેટર, જીકાસ અરજીની વિગતો અને સ્વપ્રમાણિત નકલો સાથે લાવવાની રહેશે. ઓટીપી આધારિત કન્ફર્મેશન માટે નોંધાયેલ મોબાઈલ નંબર સક્રિય રાખવો જરૂરી છે.

## ડભોઈ રોડ વિસ્તારમાં ઘરમાંથી મોબાઈલ અને રોકડ રકમની ચોરી

વડોદરા : ડભોઈ રોડ પર આવેલા નંદ વિહાર ફ્લેટમાં લશ્કર ઘુસી આવ્યો હતો અને બે મોબાઈલ તેમજ રોકડ રકમ સહિત 9,500 ની ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. વડોદરા શહેરના કપુરાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ડભોઈ રોડ પર નંદવિહાર ફ્લેટમાં ચોરીની ઘટના સામે આવી છે. મહેશભાઈ અંબાલાલ રાણા દ્વારા નોંધાવાયેલી તા.૧૪ મે ૨૦૨૬ના રોજ સવારે ૭:૩૦ થી ૮:૩૦ દરમિયાન અજાણ્યા ચોરે તેમના ઘરમાંથી મોબાઈલ, મોબાઈલ તેમજ રૂ.૫,૦૦૦ની રોકડ રકમ મળી રૂ.૯,૫૦૦ની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. બનાવ સમયે ફરિયાદી પોતાના ઘરે સૂતા હતા. ઘટનાની જાણ થતાં કપુરાઈ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલ અ.હે. કો. રામસાગરભાઈ સુનજીભાઈ દ્વારા ગુનાની તપાસ હાથ ધરવામાં આવી છે.




માનવતા બતાવવા જતાં નડ્યો અકસ્માત :- અકસ્માતના આ દ્રશ્યો વડોદરાના લાલબાગ-મુજમહુડા રોડના છે, જ્યાં બરોડા ડેરીના ટેમ્પો ચાલકે પોતાની સૂઝબૂઝથી એક ટુ-વ્હીલર ચાલકને ભયાનક ટક્કરથી તો બચાવી લીધો, પરંતુ તે પ્રક્રિયામાં તેનો પોતાનો ટેમ્પો ડિવાઇડર સાથે અથડાઈને ક્ષતિગ્રસ્ત થયો હતો. રસ્તા પર બનેલી આ ઘટના સદનસીબે મોટી દુર્ઘટનામાં ફેરવાતા અટકી હતી.

**દારૂ અને લક્ઝરી સહિત રૂ. 26.88 લાખનો મુદ્દામાલ જપ્ત**

# લક્ઝરી બસમાં ભરી સુરત લઈ જવાતો રૂપિયા ૧.૮૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**વાઘોડિયાથી** તરસાલી બ્રિજ તરફ નેશનલ હાઈવે પરથી દારૂ ભરેલી લક્ઝરી એલસીબી ઝોન ૩ની ટીમે પકડી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વાઘોડિયા બ્રિજથી તરસાલી બ્રિજ તરફ નેશનલ હાઈવે પરથી ઝોન-૩ એલ.સી.બી. ટીમે મોટી કાર્યવાહી હાથ ધરી વિદેશી દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડયો છે. પોલીસે દારૂ રૂપિયા 1.83 લાખ, લક્ઝરી બસ સહિત રૂ.26.88 લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વડોદરા શહેર પાસેથી પસાર થતા હાઈવે પર એલસીબી ઝોન-૩ ની ટીમ પેટ્રોલિંગમાં ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે લક્ઝરી બસમાં વિદેશી દારૂનો જથ્થો ભરી અમદાવાદથી સુરત તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે વાઘોડિયા બ્રિજથી તરસાલી બ્રિજ તરફ નેશનલ હાઈવે પર વોચ ગોઠવી રેડ ગોઠવી હતી. દરમિયાન લક્ઝરી બસ આવતા તેને ઉભીરખાવી પોલીસે તેમાં તપાસ કરતા રૂ.1.83 લાખ મળી આવ્યો હતો જેથી એલસીબી ઝોન 3 ની ટીમ દારૂનો જથ્થો એક મોબાઈલ ફોન રૂ.5 હજાર અને એક લક્ઝરી બસ કિંમત રૂ.25 લાખ મળી રૂ.26.88 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્યમાં દારૂ બંધી હોવા છતા પણ બુટલેગરો અન્ય રાજ્યોમાંથી વિદેશી દારુ મગાંવવા નવા નવા કિમીયા શોધી કાઢે છે. પરંતુ પોલીસ ડિપાર્ટમેન્ટ બુટલેગરોને ઝડપી પાડતી જોવા મળે છે.

**અગાઉ મારામારી અને જુગારના ગુનામાં પણ સંડોવાયેલો છે**

# સયાજીગંજ પોલીસે રૂ.૪.૩૩ લાખના દારૂના ગુનામા ફરાર અર્જુન ઠાકોરને ઝડપી પાડ્યો

**વિક્રમબાગ** પાસે ખુલ્લી જગ્યામાંથી દારૂ ભરેલી કાર બિન વારસી હાલતમાં મળી હતી

(પ્રતિનિધિ) વડોદરા,તા.29

વડોદરાના પ્રતાપગંજ વિસ્તારમાંથી ઝડપાયેલા રૂ.4.33 લાખના ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા કેસમાં સયાજીગંજ પોલીસે ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે બાતમીના આધારે ગણેશનગર ઝુપડપટ્ટી વિસ્તારમાં દરોડો પાડી અર્જુન ઉર્ફે બધે શંકરભાઈ ઠાકોરની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા. 26 મે 2026ના રોજ બપોરે પ્રતાપગંજ વિક્રમબાગ પાસે ખુલ્લી જગ્યામાંથી કારમાંથી




વિદેશી દારૂની કુલ 948 બોટલો મળી આવી હતી. જેમાં 750 મીલીની 228 બોટલો તથા 180 મીલીની 720 નાની બોટલો મળી કુલ રૂ.4,33,200નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. જોકે, કાર સ્થળ પર બિનવારસી હાલતમાં મળી આવતા સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

આ ગંભીર ગુનાની તપાસ દરમિયાન પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર, સંયુક્ત પોલીસ કમિશ્નર સુધીર દેસાઈ તથા ડીસીપી ડો. જગદીશ ચાવડાના માર્ગદર્શન હેઠળ સયાજીગંજ પોલીસની અલગ અલગ ટીમોએ તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન એસ.ટી. ડેપો નજીક પોલીસને મળેલી બાતમીના આધારે ગણેશનગર ઝુપડપટ્ટીમાં આવેલા એક ઝુપડામાં દરોડો પાડતા અર્જુન ઉર્ફે બધે ઠાકોર મળી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછ દરમિયાન આરોપીએ જ દારૂનો જથ્થો મંગાવ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે તેની ધરપકડ કરી હતી. આરોપી વિરુદ્ધ અગાઉ મારામારી, જુગાર અને પ્રોહિબિશનના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાનું પણ સામે આવ્યું છે.